જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૧/૧૬**

**ઘરફોડ ચોરીના સોના ચાંદીના દાગીના કિ.રૂ.૬,૦૦૦/- ના મુદામાલ સાથે મહોંમદ શાહીદ શેખ તથા તેના સાગરીત ગિરીશ નાડીયાને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ”**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબનાઓએ આપેલ સુચના તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આસ્ટોડીયા ઢાળની પોળ ત્રણ રસ્તા ખાતે થી હેડ.કોન્સ. રમેશભાઇ જેસીંગભાઇ તથા પો.કોન્સ. પ્રદ્યુમનસિંહ છત્રસિંહ નાઓને મળેલ બાતમી આધારે મહોંમદ સાહીદ ઈમરાન અહેમદ શેખ ઉ.વ.૩૭ રહે.આદમપુર તા.મોગરા બાદશાહ જી.આજમગઢ ઉત્તરપ્રદેશ તથા ગિરીશ હરીશભાઈ નાડીયા ઉ.વ.૨૧ રહે. હનુમાનનગરની ચાલી ગૌરી સિનેમાની બાજુમાં ઓઢવ અમદાવાદનાને બે બુટ્ટી બે ચુંની તથા સિક્કા નંગ-૧૦ તથા એક વાડકી તથા એક મોબાઈલ ફોન સાથે ઝડપી લઈ પુછપરછ કરતા મહોંમદ સાહીદનાએ આજથી આશરે બે ત્રણ દીવસ પહેલા રાત્રીના સમયે સેક્ટર-૭ માં આવેલ ચૌધરી સમાજની સ્કુલ પાસે આવેલ એક સોસાયટીમાં નવા બનતા બંગલાની સામેના બંધ બંગ્લામાં રાત્રી દરમ્યાન મુખ્ય દરવાજાનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી ચોરી કરી આ મુદ્દામાલ મેળવેલ જેની વધુ પુછપરછ દરમ્યાન પોતે હિંદી ભાષી હોય અને પોતાના ઉપર કોઈ વિસ્વાસ ન કરે જેથી આ ચોરી કરેલ મુદ્દામાલ વેચવા સારુ સાથે પકડાયેલ ગિરીશને સાથે રાખી તેને રૂ.૨૦૦૦/- આપવાનુ કહી સાથે માણેકચોક સોની બજાર ખાતે લઈ ગયેલ હતો જે મુદ્દામાલ કબ્જે કરી ગાંધીનગર સેક્ટર-૭ ના એક ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખેલ છે. આ મહોંમદ સાહીદ અગાઉ અમદાવાદ તથા ગાંધીનગર ખાતે ઘરફોડના ગુનામાં પકડાયેલ છે અને જે કામે બે વખત જેલમાં ગયેલ છે અને બે વર્ષ સજા પણ કાપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)